# શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થિની ઋત્વા પરમારે ધો-10માં 99 .09 પર્સન્ટાઈલ રેન્ક સાથે A1 ગ્રેડ મેળવ્યો

**નવગુજરાત સમય >** અમદાવાદ: શાયોના પરિવારે વધુ એક ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલ, ઘાટલોડિયા,અમદાવાદની વિદ્યાર્થિની



પરમાર ઋત્વાએ ધોરણ-10માં 92.17 % અને 99.09 પર્સન્ટાઈલ રેન્ક સાથે A1 ગ્રેડ મેળવ્યો છે. ઋત્વા કહે છે કે મારી આ સફળતાનો શ્રેય મારી શાળાના આચાર્ય, શિક્ષકો,મેનેજમેન્ટને ફાળે જાય છે. હું તેમની આભારી છું. કોરોના જેવા કપરાકાળ દરમિયાન શાળાના શિક્ષકો દ્વારા ઓનલાઈન શિક્ષણ આપીને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે અમને શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.'આ પંક્તિ ઋત્વાએ સિદ્ધ કરી બતાવી છે. શાયોના પરિવારે ઋત્વાને શાળાનું ગૌરવ વધારવા બદલ આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા છે અને ઉજ્જવળ ભવિષ્ય માટે શાળા પરિવારે શુભેચ્છા પાઠવી છે.